# SMIMERની ફાયર સેફ્ટી રામભરોસે

**બાળકો**, મહિલા, ઓર્થોપેડિક અને સર્જરી વોર્ડમાં ‘ગુજરાતમિત્ર’નો ગ્રાઉન્ડ ઝીરો રિપોર્ટ

**વોર્ડ** બહારનાં ફાયર હાઇડ્રન્ટ બોક્સને તાળાં, અનેકમાં પાઇપ જ ગાયબ!



સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં આગની ઘટના બાદ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે. ત્યારે સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થાની સ્થળ પર ‘‘ગુજરાતમિત્ર’’ના રિપોર્ટરના તપાસ દરમિયાન કેટલીક ચિંતાજનક બાબતો સામે આવી છે. સ્મીમેર હોસ્પિટલમાં વિવિધ વોર્ડની બહાર આગ બુઝાવવા માટે ફાયર હાઇડ્રન્ટ અને ફાયર હોઝ રીલની વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય સંજોગોમાં આ સાધનો આગ લાગે ત્યારે તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તે માટે હોય છે. જોકે, સ્થળ પરના રાઉન્ડ દરમિયાન કેટલાંક ફાયર હાઇડ્રન્ટનાં બોક્સને તાળાં મારેલા જોવા મળ્યાં હતાં. આવી સ્થિતિમાં આગ જેવી કટોકટી સર્જાય ત્યારે બોક્સ ખોલવા માટેની ચાવી ક્યાંથી મેળવવામાં આવશે અને સાધનોનો તાત્કાલિક ઉપયોગ કેવી રીતે થઈ શકશે તેવો સવાલ ઊભો થાય છે. આ ઉપરાંત, અનેક બોક્સમાં આગ બુઝાવવા માટેની પાઈપ જ ઉપલબ્ધ ન હોવાનું જોવા મળ્યું હતું. સિવિલમાં હાલમાં જ 24 ઑક્ટોબરના રોજ આગની ઘટના નોંધાઆ ચૂકી છે. આવા સંજોગોમાં સ્મીમેર હોસ્પિટલમાં ફાયર હાઇડ્રન્ટનાં બોક્સને તાળાં મારવાનાં કારણોની તપાસ થવી જોઈએ.

## એક્ઝિટ દાદર તો છે પણ, દરવાજાને જ તાળું!



બીજી તરફ, હોસ્પિટલના વિવિધ વોર્ડની પાછળના ભાગે ઇમરજન્સી દરમિયાન બહાર નીકળવા માટે લોખંડના દાદર બનાવવામાં આવ્યા છે. આગ કે અન્ય કટોકટીની સ્થિતિમાં દર્દીઓ, તેમના સગાંઓ અને હોસ્પિટલના સ્ટાફને બહાર કાઢવા માટે આ માર્ગ મહત્ત્વપૂર્ણ બની શકે છે. જોકે, સ્થળ પર તપાસ દરમિયાન નીચેના ભાગે આવેલા મુખ્ય લોખંડના દરવાજાને તાળું મારેલું જોવા મળ્યું હતું. આવી સ્થિતિમાં ઇમરજન્સી વખતે આ માર્ગનો ઉપયોગ કેવી રીતે થઈ શકશે તેવો પ્રશ્ન ઊભો થાય છે.

## સુપરિન્ટેન્ડેન્ટે તપાસની ખાતરી આપી

આ સમગ્ર બાબતે સ્મીમેર હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. જીતેન્દ્ર દર્શને જણાવ્યું હતું કે, આ બાબતે હું સિક્યુરિટી વિભાગ સાથે વાત કરી લઈશ. સામાન્ય રીતે જે તે વોર્ડનાં સિસ્ટર પાસે ફાયર સેફ્ટીનાં બોક્સની ચાવી રાખવાની હોય છે. તેમ છતાં આ અંગે તપાસ કરાવી લઈશ. ઉપરાંત, ઇમરજન્સી એક્ઝિટ માટેના લોખંડના દરવાજાને તાળું મારેલું હોવા અંગે પણ માહિતી મેળવીશ.

### બે મહિનામાં એક જ સ્થળે 4 વખત આગની ઘટનાથી શંકાનાં વમળો

# મોટા વરાછા ગાર્ડન વેસ્ટના ઢગલામાં ફરી ભીષણ આગ, 5 લાશ્કર દાઝયા

**મોડી** રાત્રે ફાટી નીકળેલી આગ પર વહેલી સવારે કાબૂ મેળવાયો



સુરતઃ મોટા વરાછામાં દુખિયાના દરબાર મંદિર પાસે આવેલા પાલિકાના આ ખુલ્લા પ્લોટમાં મોટા પ્રમાણમાં કચરો સંગ્રહિત કરવામાં આવ્યો હતો, જેમાં મોડી રાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી. સબ ફાયર ઓફિસરે આ અંગે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, આગની ભયાનકતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને અંદાજે 50 જેટલા ફાયર જવાનોની સજ્જ ટીમ દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા. મોડી રાત્રે શરૂ થયેલી આગ ઓલવવાની આ જહેમત વહેલી સવારે પણ સતત ચાલુ રહી હતી અને અથાક પ્રયાસો બાદ આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં મોટી સફળતા મળી હતી. આગ ઓલવવાની આ કપરી કામગીરી દરમિયાન મોટા વરાછા અને વરિયાવ ફાયર સ્ટેશનના કુલ પાંચ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. મોડી રાત્રે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તબીબી સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી.

### ઈજાગ્રસ્ત ફાયર કર્મચારીઓ

અશોક સી. ચૌધરી (રહે.,વરિયાવ ફાયર સ્ટેશન), હરિભાઈ રાઠોડ (રહે.,વરિયાવ ફાયર સ્ટેશન), બલભદ્રસિંહ નરેન્દ્રસિંહ પઢિયાર, જયેશકુમાર રાજેશકુમાર વિજુદા (રહે.,કોસાડ ફાયર સ્ટેશન), જયરામ પરાગજીભાઈ વાઘેલા (રહે.,કતારગામ)

## પરીક્ષા ટાણે ગેમ રમવા મુદ્દે માતાએ ઠપકો આપતાં પુત્રનો આપઘાત

સુરત : મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિનના શિવનગર સ્થિત જય અંબે નગરમાં રહેતા પિયુષ રાજેન્દ્ર ચૌરસિયા (ઉં.વ. 17)એ કાલે રાત્રે પોતાના ઘરે ફાંસો ખાઈ લીધો હતો. પિયુષ ઘર નજીકની એક શાળામાં ધોરણ 11 સાયન્સમાં અભ્યાસ કરતો હતો. પિયુષને મોબાઈલમાં ગેમ રમવાની લત હતી અને હાલમાં તેની પરીક્ષા પણ ચાલી રહી હતી. પરીક્ષાના સમયે પણ તે મોબાઈલમાં ગેમ રમતો હોવાથી માતાએ તેને મોબાઈલ બંધ કરી અભ્યાસ કરવા માટે ઠપકો આપ્યો હતો. આ ઠપકાનું માઠું લાગી આવતાં તેણે આત્યંતિક પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## પ્રેમિકાની હત્યા કેસમાં આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ લિવ-ઇન રિલેશનશિપના વિવાદમાં પ્રેમિકાની હત્યા કરવાના કેસમાં હાઇકોર્ટે આરોપી ધીરુ ચુડાસમાની જામીન અરજી મંજૂર કરી હતી. આરોપીએ એડવોકેટ રિધ્ધિશ મોદી, મુકુંદ રામાણી મારફતે હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. મૃતક મહિલા અને આરોપી વચ્ચે સંબંધ હતો. મૃતક આ સંબંધને આગળ વધારીને લિવ-ઇન રિલેશનશિપમાં રહેવા માંગતી હતી, જેને લઈને બંને વચ્ચે બોલાચાલીમાં આરોપીએ મૃતકને પમા માળેથી ધક્કો મારી દીધો હતો

## ચેક રિટર્ન કેસમાં બિલ્ડરને જેલ

સુરતઃ ફ્લેટ બુકિંગ નાણાં પરત આપવાના ચેક રિટર્ન કેસમાં આરોપી દરીયાઈ અબ્દુલ હકીમ અબ્દુલ કરીમને કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂ.૧૧.૫૦ લાખ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. શાહપોરના ડારે આફિયાત બિલ્ડિંગમાં ફરિયાદી સુમૈયા મોહમદ સુફીયાન શીરગરએ ફ્લેટ બુક કરાવ્યો હતો. સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ નહીં થતાં ફરિયાદીએ નાણાં પરત માંગતા આરોપીએ બે ચેક આપ્યાં હતાં જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ દિવ્યેન પ્રજાપતિ, મિતુલ મોદી મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજા

સુરતઃ ફરીયાદી રાજબલીસીંગ ભદોરીયા પાસેથી મિત્રતાને નાતે આરોપીએ ૩૦ લાખ રૂપિયા ઉછીના લીધાં હતાં. સમયમર્યાદા પૂર્ણ થતા ફરિયાદીએ આરોપી પાસે નાણાની પરત માંગણી કરતાં આરોપીએ ત્રણ ચેક આપ્યાં હતાં. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ મુખ્તીયાર એ. શેખ તથા યાહ્યા એમ.શેખ તથા રીઝવાન સફેદા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૬ માસની સજા અને ૩૦ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# સરથાણામાં ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક માટે કરોડો ફુંકાશે

**મજૂરા** ગેટ ખાતે મનપાના જૂના ચિલ્ડ્રન પાર્કની જગ્યાએ ટ્રાફિક ચિલ્ડ્રન પાર્કનું આયોજન 10 કરોડના ખર્ચ બાદ પડતું મુકાયું છે

સુરતઃ મજૂરા ગેટ ખાતે મનપાના જૂના ચિલ્ડ્રન પાર્કને તોડી પાડી 8 વર્ષ પહેલા ટ્રાફિક ચિલ્ડ્રન પાર્કનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. જોકે, આ પ્રોજેક્ટમાં 10 કરોડ ખર્ચી દેવાયા બાદ બાંધકામ થઇ ગયા પછી પ્રોજેક્ટ અધૂરો છોડી દેવાયો છે. કરોડોના ખર્ચે થયેલું બાંધકામ પડ્યું પડ્યું જ ખંડેર બની ગયું છે. ત્યારે હવે સરથાણા ઝોન વિસ્તારમાં આવતી ટી.પી. સ્કીમ નં.84 (કોસાડ-ભરથાણા-કોસાડ-મોટા વરાછા-અબ્રામા) ના ફા.પ્લોટ નં.300 ખાતેના પ્લોટમાં બાળકોને ટ્રાફિકના નિયમો વિશેની મહત્ત્વપૂર્ણ બાબતો શીખવી શકાય એ માટે એક આકર્ષક ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક તેમજ શહેરમાં વધુ પ્રમાણમાં વૃક્ષો વાવીને પર્યાવરણને સમૃદ્ધ કરવા માટે ઓક્સિજન ગાર્ડન બનાવવાની કામગીરીનું આયોજન રૂ.2.66 કરોડના ખર્ચે કરાતાં આશ્ચર્ય ફેલાયું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા મજૂરાગેટ નજીક બાળકો માટે એક વિશેષ ‘ચિલ્ડ્રન ટ્રાફિક પાર્ક’ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ બાળકો સાઇકલ કે નાની મિની કાર ચલાવી પ્રેક્ટિકલ રીતે ટ્રાફિક નિયમો સમજી શકે તેવો હતો. પરંતુ યોગ્ય દેખરેખ અને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ સાકાર થનારો આ પ્રોજેક્ટ પૂર્ણ જ થઈ શક્યો ન હતો. હવે સરથાણા વિસ્તારમાં આ ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક બનશે કે કેમ તે જોવું રહ્યું.

### હાઈકોર્ટના આદેશને પગલે સલાબતપુરા પોલીસની કાર્યવાહી

# પૂર્વ કોંગ્રેસી કોર્પો. અસલમ અને પુત્ર સામે એટ્રોસિટીનો ગુનો નોંધાયો

**ફરિયાદ** પ્રમાણે, પૂર્વ કોર્પો. અસલમ સાયકલવાળા અને તેના પુત્ર સોહેલ સામે ગુનો નોંધાયો

**માનદરવાજાની** લતા ગવાણેને સમાધાન માટે ધમકી આપી હતી, જેથી તેણે હાઈકોર્ટમાં પિટિશન કરી હતી

સુરતઃ સુરતના સલાબતપુરા વિસ્તારમાં માથાભારે ગેંગ સામે નોંધાયેલી હત્યાના પ્રયાસની ફરિયાદ પાછી ખેંચી લેવા માટે વૃદ્ધ વિધવા મહિલાને જાતિવિષયક અપશબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપવાના ચકચારી પ્રકરણમાં પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા અને તેના પુત્ર સોહેલ સાયકલવાલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસ દ્વારા શરૂઆતમાં યોગ્ય કાર્યવાહી ન થતાં મામલો નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. હાઈકોર્ટના સ્પષ્ટ નિર્દેશ બાદ સલાબતપુરા પોલીસે ભારતીય ન્યાય સંહિતા તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસીપી (SC/ST સેલ)ને સોંપી છે.

### હાઈકોર્ટમાં પિટિશન બાદ પોલીસ હરકતમાં આવી

આ ઘટના બાદ લતાબેને ૨૧ જુલાઈ ૨૦૨૬ના રોજ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કાયદેસર કાર્યવાહીની માંગણી કરી હતી. જોકે, લાંબો સમય સુધી ફરિયાદ ન નોંધાતા આખરે તેમણે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન (ડાયરેક્શન) નં. ૧૨૧૩૬/૨૦૨૬ દાખલ કરી હતી. હાઈકોર્ટે તારીખ ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આપેલા આદેશ બાદ સલાબતપુરા પોલીસે ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મોડી સાંજે ગુનો નોંધ્યો હતો.

# નાણાં માટે દબાણથી ત્રસ્ત પરિણીતાએ જીવન ટુંકાવ્યું

**પૂરમાં** માતાના મૃત્યુ બાદ મળેલી સહાયની રકમમાંથી હિસ્સો લઈ આવવા પતિનું દબાણ

સુરતઃ લસકાણા વિસ્તારમાં પતિના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ઓડિશાના નરસિંઘ ભગવાન દલાઈ (ઉં.વ.૫૫)ની પુત્રી પુજા દલાઈ (ઉં.વ. ૨૩)નાં લગ્ન મે-૨૦૨૪માં ઓડિશાના રામચંદ્રપુર ગામના શંકર રઘુ દલાઈ સાથે થયાં હતાં. પતિ-પત્ની લસકાણા વિસ્તારમાં આહીર ફળિયામાં, વૃંદાવનનગરની પાછળ આવેલા મકાનમાં રહેતાં હતાં. જુલાઈ-૨૦૨૫માં પૂર દરમિયાન પૂજાની માતા ગુલાબ દલાઈનું અવસાન થતાં સરકારી સહાયની રકમ મળી હતી. આ અંગે જાણ થતાં પતિ શંકર પુજા પર તેના પિતા પાસેથી સહાયની રકમનો ભાગ લઈ આવવા માટે દબાણ કરતો હતો. આ મુદ્દે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હતા અને દારૂ પીને ઘરે આવ્યા બાદ પૂજા સાથે ઝઘડો કરી તેને માર મારતો હતો. પિયરથી નાણાં મંગાવવી ત્રાસ આપતો હતો. ત્યારબાદ ૨૭ ઓક્ટોબરે પૂજાએ લસકાણા સ્થિત પોતાના રહેણાકના રૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની માહિતી સામે આવી હતી. પુત્રીના મોતના સમાચાર મળ્યા બાદ ઓડિશાથી સુરત આવેલા નરસિંઘ દલાઈએ લસકાણા પોલીસ સ્ટેશનમાં જમાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખજોદમાં 15 લાખ મેટ્રિક ટન કચરાની પ્રોસેસ માટે રૂ.158.89 કરોડનું ટેન્ડર

**232.57** કરોડના સંભવિત ખર્ચ સામે લોએસ્ટ એજન્સીએ નીચા ભાવ ભર્યા

સુરતઃ સુરત મનપા માટે માથાનો દુખાવો બનેલા ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે ભેગા થયેલા લાખો ટન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે બે વર્ષમાં ૧૫ લાખ મેટ્રિક ટન ઘનકચરાના પ્રોસેસિંગ માટે રૂ.૨૩૨.૫૭ કરોડનો અંદાજ રાખવામાં આવ્યો હતો. આ વખતે આ ટેન્ડરમાં પ્રાઈસ બિટ ઓપન કરતા ક્વોલિફાય થયેલી બે એજન્સી વચ્ચે રૂ.૮૭.૬૨ કરોડનો મોટો તફાવત સામે આવ્યો છે, જેમાં મે. ડી.એચ.પટેલનું ટેન્ડર અંદાજિત 232.57 કરોડ સામે નીચા ભાવે એટલે કે રૂ.158.89 કરોડનું હોવાથી તેમને કામ આપવા સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી છે. અગાઉના પ્રયત્નો નિષ્ફળ રહ્યા બાદ ત્રીજા પ્રયત્ને પ્રસિદ્ધ કરાયેલા ઈ-ટેન્ડરમાં ૬ એજન્સીએ ભાગ લીધો હતો, જેમાંથી ૨ એજન્સી ક્વોલિફાઈ થઈ હતી, જેમાં ડી.એચ.પટેલના રૂ.૧૫૮.૮૯ કરોડના લોએસ્ટ ટેન્ડર અને સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટના રૂ.૨૪૬.૫૧ કરોડના ટેન્ડર વચ્ચે સીધો રૂ.૮૭.૬૨ કરોડનો મોટો નાણાકીય તફાવત નોંધાયો છે.

### બીજા નંબરની એજન્સી કરતાં 87.62 કરોડ ઓછા

» સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લિ. (એલ-૨): બીજા નંબરે રહેલી આ એજન્સીએ પ્રથમ વર્ષ માટે પ્રતિ મેટ્રિક ટન રૂ.૧૮૨૬.૦૧નો ભાવ (કુલ રૂ. ૧૩૧,૮૫,૦૭,૫૦૦) અને બીજા વર્ષ માટે પ્રતિ મેટ્રિક ટન રૂ.૧૪૫૦.૮૦નો ભાવ (કુલ રૂ.૧૦૮,૫૬,૦૬,૦૦૦) ભર્યો છે. જેથી આ એજન્સીનું બે વર્ષનું કુલ ટેન્ડર મૂલ્ય રૂ.૨૪૬,૫૧,૧૩,૫૦૦ થાય છે, જે અંદાજ કરતાં વધુ છે.

» મે. ડી.એચ. પટેલ (લોએસ્ટ-૧): આ ઇજારદારે પ્રથમ વર્ષે ૭.૫૦ લાખ મેટ્રિક ટન કચરા માટે પ્રતિ મેટ્રિક ટન રૂ.૧૧૭૭નો ભાવ (કુલ રૂ.૮૮,૨૭,૫૦,૦૦૦) અને બીજા વર્ષના ૭.૫૦ લાખ મેટ્રિક ટન કચરા માટે પ્રતિ મેટ્રિક ટન રૂ.૯૪૧.૬૦ મુજબ(કુલ રૂ.૭૦,૬૨,૦૦,૦૦૦) ભાવો ભર્યા છે. આ સાથે બંને વર્ષનું કુલ ટેન્ડર મૂલ્ય રૂ.૧૫૮,૮૯,૫૦,૦૦૦ થાય છે, જે પાલિકાના મંજૂર અંદાજ કરતાં આશરે ૩૧.૮૬ ટકા ઓછું છે.

## મોબાઈલ પર OTP આવતા રહ્યા ને ધડાધડ રકમ ઉપડતી રહી

સુરતઃ સલાબતપુરા કોહીનુર માર્કેટની બાજુમાં ક્રાઉન પ્લાઝા ખાતે રહેતા અને પાંડેસરા જીઆઈડીસીમાં શ્રીજી મિલ પ્રા. લિ.માં ડાઈંગ માસ્ટર તરીકે નોકરી કરતાં તેજસભાઈ વાસુદેવભાઈ ડાકોરીયા (ઉં.વ.૪૨)ને ગત ૬ જુલાઈએ મોબાઈલ નંબર પર અચાનક અલગ-અલગ OTP આવવા લાગ્યા હતા. બીજા દિવસે સવારે અજાણ્યા નંબરો પરથી મિસ્ડ કોલ આવ્યા હતા. બેંક એપ નહીં ખુલતા બેંકમાં જઈને સ્ટેટમેન્ટ કઢાવતા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૧૦,૪૧,૨૯૫ની રકમ ઓનલાઈન ઉપાડી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પીડિત તેજસભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરીને પોતાની ફરીયાદ નોંધાવી હતી.

# દૂષિત પાણી માટે ‘અલ નીનો’ જવાબદાર! કોર્પોરેટરનું ગજબ જ્ઞાન

**કોર્પોરેટર** ઉર્વશી પટેલને અચાનક સમજ પડી ગઈ

**જોકે,** શાસક પક્ષ નેતાએ કહ્યું ‘તંત્ર સમસ્યા ઉકેલવા દોડી રહ્યું છે’

સુરતઃ શહેરમાં પીળા અને ગંદા પાણીથી લોકો પરેશાન છે, રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. ભાજપના કોર્પોરેટરોએ સામાન્ય સભામાં શુદ્ધ પાણી માટે રજૂઆત કરી હતી. જોકે, ભાજપનાં મહિલા કોર્પોરેટર ઉર્વશી પટેલે વાસ મારતા અને ગંદા પાણી માટે ‘અલ નીનો’ની અસરને જવાબદાર ઠેરવતાં આ સમસ્યા માનવસર્જિત નથી તેવો બચાવ કર્યો હતો. એટલું જ નહીં ઉર્વશી પટેલે ઉકાઈ ડેમમાંથી આગામી દિવસોમાં 11 ક્યુસેક પાણી છોડવામાં આવશે તેવું કહીને પણ ભાંગરો વાટ્યો હતો. કેમકે, 11 ક્યુસેક પાણી છોડાય તો કોઝવે સુધી પહોંચે પણ નહીં. જોકે, દૂષિત પાણી માટે ‘અલ નીનો’ને જવાબદાર ઠેરવતા તેમના તર્કનો વિડીયો વાયરલ થતાં ક્યાંક ઠેકડી તો ક્યાંય શાસક પક્ષના નેતાઓ બચાવ કરતા દેખાયા હતા.

શહેરને શુદ્ધ પાણી પૂરું પાડવાની જવાબદારી મનપાની છે. હાલ આખા શહેરમાં દૂષિત પાણીની ફરિયાદો ઊઠી છે. ખાસ કરીને રાંદેર ઝોનના અનેક વિસ્તારોમાં ગંદા અને દુર્ગંધ મારતા પાણીની ફરિયાદો લાંબા સમયથી થઈ રહી છે. બીજી તરફ ભાજપના કોર્પોરેટર અને મેયર પદના દાવેદાર રહી ચૂકેલા રાંદેર ઝોનના જ કોર્પોરેટર ઉર્વશી પટેલે સોશિયલ મીડિયા પર મૂકેલી પોસ્ટમાં ગંદા પાણીની સમસ્યા માટે ‘અલ નીનો’ની અસર જવાબદાર હોવાનું જણાવ્યું છે. તેમણે અઠવા, રાંદેર સહિત શહેરના અનેક વિસ્તારોમાં પીળા પાણીની ફરિયાદો આવતી હોવાનું અને તેનાથી રોગચાળો થતો હોવાની ફરિયાદ સાચી હોવાનું પણ સ્વીકાર્યું છે. દરમિયાન આ બાબતે શાસક પક્ષ નેતા અલ્પા મહેતાએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, શુદ્ધ પાણી મનપાની જવાબદારી છે. પરંતુ હાલ ઓછા વરસાદ અને ગરમીના કારણે કોઝવેનું સ્તર નીચું જવાથી પાણીની ગુણવત્તા પર અસર થઇ છે. પરંતુ મનપાનું તંત્ર અને શાસકો સમસ્યાનો ઉકેલ લાવવા સતત દોડી રહ્યા છે.

# શિક્ષણ સમિતિમાં વિદ્યાર્થી દીઠ 50 હજારનો ખર્ચ, પાયો કાચો!

**મનપાની** તિજોરી છલકાવવા સામાન્ય સભામાં રજૂઆત, પણ શિક્ષણ પર સરકારી કાર્યક્રમોની અસર બાબતે મૌન

સુરતઃ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં મંગળવારે એક અદભૂત દૃશ્ય જોવા મળ્યું હતું. શાસક પક્ષના નગરસેવકોને પાલિકાની તિજોરી ખાલી થવાની એટલી ભયંકર ચિંતા ઉપડી કે તેમણે મિલકતવેરાની આકારણી કરતા કર્મચારીઓને અન્ય કામોમાંથી મુક્ત રાખવાની જોરદાર માંગ કરી દીધી છે. ‘પૈસા વગર તો કંઈ ચાલતું હશે?’ એ ન્યાયે આ રજૂઆત બિલકુલ વ્યાજબી હતી. પરંતુ કમનસીબી એ રહી કે એ જ સભામાં બેઠેલા ૧૨૦ નગરસેવકમાંથી એકપણ સભ્યને સરકારી કાર્યક્રમોની ઉજવણીમાં ‘ઈવેન્ટ મેનેજર’ બનેલા શિક્ષકોને વર્ગખંડમાં પાછા લાવવાની ચિંતા ન થઈ.

હાલમાં સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોની દશા દયાજનક છે. આશ્ચર્યની વાત એ છે કે, શિક્ષણ સમિતિનું વાર્ષિક બજેટ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે, એટલે કે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ વર્ષે ૫૦ હજાર રૂપિયાથી વધુનો ખર્ચ થાય છે, જે અનેક લક્ઝુરિયસ ખાનગી શાળાઓ કરતાં પણ વધારે છે. છતાં ગરીબ બાળકોનાં શિક્ષણનો પાયો કાચો રહી જાય છે. નેતાઓ એ ભૂલી રહ્યા છે કે શહેરનો સાચો વિકાસ માત્ર સિમેન્ટના રસ્તા અને કોંક્રિટના બ્રિજ બનાવવાથી નથી થતો, પણ શિક્ષિત પેઢીના નિર્માણથી થાય છે. તિજોરી ભરવા માટે કર્મચારીઓનો સમય બચાવવાની વકીલાત કરતા જનપ્રતિનિધિઓ દેશનું ભવિષ્ય ઘડતા શિક્ષકોનો સમય બચાવવા માટે ક્યારે ‘આકારણી’ કરશે, તે એક મોટો સવાલ છે.

## ફાયર વિભાગની ક્ષમતા વધશેઃ 3 નવા વોટર બાઉઝર ખરીદવા માટે 8.77 કરોડનું ટેન્ડર

સુરતઃ શહેરમાં ટેક્સટાઈલ માર્કેટ, ગોડાઉન અને ગીચ વિસ્તારોમાં આગની દુર્ઘટનાઓ સમયે લાંબા સમય સુધી ફાયર ફાઈટિંગ કામગીરી જાળવી રાખવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ 3 નવા વોટર બાઉઝર ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ માટે પ્રથમ પ્રયાસે મંગાવવામાં આવેલા ટેન્ડરમાં કુલ 2 એજન્સીએ ભાગ લીધો હતો, જેમાં ‘ન્યુએજ ફાયર ફાઈટિંગ કંપની - સુરેન્દ્રનગર’ દ્વારા સૌથી ઓછો ભાવ ભરવામાં આવ્યો છે. શરૂઆતમાં આ કંપની દ્વારા કુલ રૂ.8.85 કરોડનો ભાવ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં કંપનીએ પોતાના ભાવમાં સુધારો કરીને જીએસટી સહિત કુલ રૂ.8.77 કરોડનો સુધારેલો ભાવ આપ્યો છે. ફાયરના અભિપ્રાય બાદ આ દરખાસ્ત મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

# બીજા લગ્નના બીજા જ દિવસે પરિણીતા પર પૂર્વ પતિનો હુમલો

**બીઆરસી** પોલીસ ચોકીથી માત્ર 500 મીટર દૂર રોડ પર ચાલીને જતી પત્નીના ગળા પર ચપ્પુ ફેરવ્યું

સુરત : ઉધનામાં બીજા લગ્ન કર્યાના માંડ બે દિવસ જ પૂર્વ પતિએ પૂર્વ પત્ની પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કરી દીધો હતો.

મૂળ મહેસાણાની વતની અને હાલ ઉધનાના વિજયાનગર ખાતે રહેતી ૨૩ વર્ષીય કાજલબેનના લગ્ન વર્ષ ૨૦૨૩માં અમદાવાદના સચિન મહેશભાઈ દેવીપૂજક સાથે થયા હતા. આ લગ્નજીવનથી તેમને બે વર્ષનો એક પુત્ર પણ છે. જોકે, અવારનવારના ઝઘડા અને મનમેળ ન થવાને કારણે વર્ષ ૨૦૨૫માં સમાજની રીતે બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. ત્યારબાદ કાજલબેને ગત ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સુરતના હરીનગર ખાતે રહેતા મહેશભાઈ બાબુભાઈ દેવીપૂજક સાથે વડોદરા ખાતે પુનઃ લગ્ન કર્યા હતા. બીજા લગ્નના બીજા જ દિવસે રાત્રે નવ-દસ વાગ્યાના અરસામાં કાજલબેન તેમના સાસુ અને નણંદને મળીને પરત ફરી રહ્યા હતા. ત્યારે ઉધના ઓક્સફોર્ડ સ્કૂલની સામે પૂર્વ પતિ સચિને અચાનક પાછળથી દોડી આવીને કાજલબેન પર ચપ્પુથી હુમલો કરી દેતાં તેઓ લોહીલુહાણ થઈને નીચે પટકાયા હતા. આ દરમિયાન સાથે રહેલી મહિલાએ હિંમત દાખવીને આરોપી સચિનના વાળ પણ ખેંચ્યા હતા, જેથી મહિલાનો જીવ બચી ગયો હતો. ઉધના પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સચિન સામે હત્યાની કોશિશનો ગુનો નોંધીને ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# કોઝવે પાસે ગેરકાયદે તબેલા દૂર કરવા કાર્યવાહીની તૈયારી

**ગંદા** પાણી મુદ્દે મેયર અને અધિકારીઓની સંયુક્ત ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરાશે

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી નાગરિકોને પીળા રંગનું અને દૂષિત પાણી મળવાની વ્યાપક ફરિયાદો ઊઠી રહી છે, જેને લઈને તાજેતરમાં મળેલી મનપાની સામાન્ય સભામાં શાસક પક્ષના કોર્પોરેટરો દ્વારા પણ આ ગંભીર મુદ્દે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. આ સમસ્યા અંગે ગરમાગરમ ચર્ચા થતાં જ મેયર માયા માવાણી દ્વારા સામાન્ય સભા પૂર્ણ થયા બાદ તરત જ હાઈડ્રોલિક વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વિશેષ બેઠક યોજીને આ સમગ્ર મામલે તલસ્પર્શી ચર્ચા કરવામાં આવી હતી.

દરમિયાન કોઝવેની આસપાસ આવેલા પાળા નજીક મોટી સંખ્યામાં ગેરકાયદે તબેલા ધમધમી રહ્યા છે, અને આ તબેલાઓમાંથી નીકળતું છાણયુક્ત ગંદું પાણી સીધેસીધું તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું હોવાને કારણે પાણીની ગુણવત્તા અત્યંત ખરાબ થઈ ગઈ હોવાની ફરિયાદો સામે આવી છે. વિયર કમ કોઝવેમાં જ્યારે પાણીની સપાટી ઓછી હોય ત્યારે આ પ્રકારના મોટા પ્રદૂષણને કારણે જળાશયના પાણીની ગુણવત્તા ખૂબ જ ઝડપથી બગડે છે. આ ગંભીર સમસ્યાનો કાયમી ધોરણે અને સચોટ ઉકેલ લાવવા માટે પાળાની નજીક સિંચાઈ વિભાગની માલિકીની જ જગ્યા પર ગેરકાયદે રીતે તાણી દેવાયેલા તમામ તબેલાઓનાં દબાણો જો ત્વરિત દૂર કરવામાં આવે તો પાણી પ્રદૂષણની આ વિકટ સમસ્યામાંથી મોટી રાહત મળી શકે છે તેવો સ્પષ્ટ મત મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.